# પ્રસાર ભારતી

## નેશનલ સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**તારીખ : 27-06-2024** **બપોર : 1.20 થી 1.30**

**વાર : ગુરૂવાર**

## આકાશવાણી સમાચાર **હર્ષ લેઉઆ** વાંચે છે.

---

✓ રાષ્ટ્રપતિ દ્રૌપદી મૂર્મુએ સંસદના બંને ગૃહોને સંબોધન કરતા કહ્યું....જમ્મૂ કાશ્મીરમાં લોકસભા ચૂંટણીના પરિણામોએ દેશના દુશ્મનોને જવાબ આપ્યો..

✓ રાષ્ટ્રપતિએ અભિભાષણમાં NEET પેપર લીક તપાસ અંગે સરકાર પ્રતિબદ્ધ હોવાનું જણાવ્યું..

✓ કેન્યાના રાષ્ટ્રપતિએ દેશવ્યાપી દેખાવોને પગલે નવો નાણાકીય ખરડો પરત લેવાની જાહેરાત કરી..

✓ ગુજરાત સહિત દેશના કેટલાંક ભાગોમાં ભારે વરસાદની અગાહી... કેરળના કેટલાક જિલ્લાઓમાં ભારે વરસાદને ઑરેન્જ અલર્ટ...

✓ અને આજે T20 વિશ્વકપની પ્રથમ સેમિફાઇનલમાં દક્ષિણ આફ્રિકાએ અફઘાનિસ્તાનને 9 વિકેટે હરાવ્યું, બીજી સેમિફાઇનલ રાત્રે ભારત અને ઇંગ્લેન્ડ વચ્ચે રમાશે.

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# PRESIDENT SPEECH

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ કહ્યું છે કે, સુધાર, પ્રદર્શન અને પરિવર્તનના સંકલ્પે ભારતને વિશ્વમાં સૌથી ઝડપી અર્થવ્યવસ્થા બનાવી દીધી છે. રાષ્ટ્રપતિ દ્રૌપદી મૂર્મુએ કહ્યું, જમ્મૂ કાશ્મીરના લોકોએ લોકસભા ચૂંટણી દરમિયાન થયેલા વિક્રમજનક મતદાન કરી દેશના દુશ્મનોને જવાબ આપ્યો છે. તેમણ કહ્યું કે જમ્મૂ કાશ્મીરમાં આ વખતે મતદાનનો દાયકાઓ જૂનો રેકોર્ડ તૂટી ગયો. સંસદના બંને ગૃહોની સંયુક્ત બેઠકને સંબોધીત કરતા રાષ્ટ્રપતિએ કહ્યું કે છેલ્લાં ચાર દાયકાઓમાં કાશ્મીરમાં બંધ અને હડતાળો વચ્ચે મતદાન થયું, અને દેશના દુશ્મનોએ તેનો આંતરરાષ્ટ્રીય મંચો પર કાશ્મીરના વિચારો તરીકે દુષ્પ્રચાર કર્યો. જો કે, આ વખતે કાશ્મીર ખીણ પ્રદેશે આવા તમામ લોકોને જવાબ આપ્યો છે.

શ્રી મૂર્મુએ કહ્યું કે, દેશમાં છ દાયકાઓ બાદ સંપૂર્ણ બહુમતી વાળી સ્થિર સરકાર બની છે, અને લોકો જાણે છે કે માત્ર આ સરકાર જ તેમની અપેક્ષાઓને પૂર્ણ કરી શકે છે. વધુમાં તેમણે કહ્યું કે નવી સરકાર આગામી સંસદ સત્રમાં પ્રથમ સામાન્ય બજેટ રજૂ કરશે. જે સરકારની દૂરોગામી નીતિઓ અને ભાવી દૃષ્ટિકોણનો અસરકારક દસ્તાવેજ હશે. સંબોધનમાં રાષ્ટ્રપતિએ કહ્યું કે દસ વર્ષમાં ભારત 11માં ક્રમાંકેથી પાચમા ક્રમાંકનું સૌથી મોટું અર્થતંત્ર બની ગયું છે. તેમણે કહ્યું કે વર્તમાન સરકાર દેશને વિશ્વનું ત્રીજું સૌથી મોટું અર્થતંત્ર બનાવવાની દિશામાં કામ કરી રહી છે. પેપર લીક વિશે વાત કરતા રાષ્ટ્રપતિએ કહ્યું કે સરકાર દોષિતોને સજા આપવા અને ઘટનાની તપાસ કરવા માટે પ્રતિબદ્ધ છે.

તેમણે કહ્યું કે સરકારે પરીક્ષાઓમા ગેરરીતિ અટકાવવા માટે કાયદો પણ લાવી છે. અભિભાષણ દરમિયાન તેમણે કહ્યું કે સરકારનું લક્ષ્ય છે કે કોઈ પણ નાગરિક તેની યોજનાઓથી વંચિત ન રહે. ગામડાઓને જોડવા માટે પ્રધાનમંત્રી માર્ગ યોજના અતંર્ગત ગ્રામીણ વિસ્તારોમાં 3.8 લાખ કિલોમીટર લાંબા રસ્તા બનાવાયા.

આ પ્રસંગે તેમણે દેશની મહિલાઓ સમૃદ્ધ બની હોવાનો પણ ઉલ્લેખ કર્યો.. 18મી લોકસભાના સત્રની શરૂઆત આ સોમવારથી થઈ હતી. આજથી રાજ્યસભાનું સત્ર શરૂ થયું છે..

## CBINEET NEET – UG

પેપર લીક મામલે કેન્દ્રીય તપાસ સંસ્થા – સીબીઆઈની એક ટીમ ઝારખંડના હજારીબાગ પહોંચી હતી. સીબીઆઈના અધિકારીઓએ પેપરલીક કેસમાં સ્થાનિક શાળાના આચાર્યની પૂછપરછ કરી. સીબીઆઈ ટીમે સ્ટેટ બૅંક ઑફ ઇન્ડિયાની હજારીબાગ શાખાના અધિકારીઓની પણ પૂછપરછ કરી, જ્યાં પ્રશ્નપત્ર રાખવામાં આવ્યા હતા.

બિહારના આર્થિક ગુનાખોરી એકમે અગાઉ કહ્યું હતું કે પટણાની એક શાળામાંથી બળેલું પ્રશ્ન પત્ર મળી આવ્યું હતું, જે NTAના પ્રશ્નપત્ર જેવું હતું. આ પેપરની સિરીઝ હઝારીબાગના કલ્લૂ ચૌક સ્થિત ઓઇસિસ સ્કૂલ પરીક્ષા કેન્દ્ર પર મોકલવામાં આવી હતી. સીબીઆઈ હવે આ શાળાના આચાર્યની તપાસ કરી રહી છે.

## KENYA PROTESTS

કેન્યાના રાષ્ટ્રપતિએ દેશવ્યાપી દેખાવોને પગલે નવો નાણાકીય ખરડો પરત લેવાની જાહેરાત કરી છે. અહેવાલ અનુસાર રાષ્ટ્રપતિ વિલિયમ રૂટોએ ખરડા પર હસ્તાક્ષર કરવાનો ઇનકાર કરતા સંસદને પરત મોકલી દીધું છે. રાષ્ટ્રપતિએ કહ્યું કે જે ખરડાને કારણે દેશમાં અરાજકતા પ્રસરી છે તેને રદ્દ કરવો જ રહ્યો.

ગત સપ્તાહે કેન્યાની સંસદમાં એક નવો ખરડો રજૂ કરાયો હતો, જેમાં દેશમાં નવા કરવેરા લાગુ કરાયા હતા. જે બાદ કેન્યામાં દેખાવો ફાટી નીકળ્યા હતા. આ હિંસામાં 22 લોકોના મોત થયા હોવાના અહેવાલ છે.

## BOLIVIA PROTEST

બોલીવિયામાં ગઈકાલે રાતે બળવાના નિષ્ફળ પ્રયાસ બાદ દેશની સશસ્ત્ર સેના રાજધાની લા પાજમાં રાષ્ટ્રપતિ ભવન પરત ફરી હતી. બોલીવિયાની પોલીસે બળવાનો નિષ્ફળ પ્રયાસ કરનારા સૈન્ય કમાન્ડર જનરલ જુવાન જોજ જુનીગાની ધરપકડ કરી છે. બોલીવિયાના રાષ્ટ્રપતિ લુઈસ આરસે સૈન્ય બળવાના પ્રયાસોની ટીકા કરતા દેશવાસીઓને લોકતંત્રની રક્ષા માટે એક સૂત્ર થવાની અપીલ કરી હતી.

આ પૂર્વે વિદ્રોહી જનરલ જુવાન જોજ જુનીગાના નેતૃત્વમાં સૈનિકોએ પ્લાઝા મૌરિલોમાં માર્ચ કરતા સરકારી મુખ્યાલયમાં ઘૂસવાનો પ્રયાસ કર્યો હતો. જોકે સામાન્ય નાગરિકોએ સશસ્ત્ર સૈનિકોની હાજરીનો વિરોધ કર્યો હતો. બોલીવિયાના વિવિધ સામાજિક સંગઠનોએ લોકતંત્ર અને બંધારણને બચાવવા માટે રાષ્ટ્રપતિની અપીલના સમર્થનમાં દેશના વિવિધ ભાગોમાં દેખાવો કર્યા હતા.

# SPECTRUM

મોબાઇલ સેવાઓની નિરંતરતા તેમજ વિકાસ માટે દૂરસંચાર સેવા પ્રદાતાઓની નવી સ્પેક્ટ્રમની જરૂરિયાત તેમજ પૂર્ણ થઈ રહેલા લાયસન્સના  નવીનીકરણ માટે આયોજીત સ્પેક્ટ્રમ હરાજી પૂર્ણ થઈ છે. ટેલિકોમ મંત્રાલયે કહ્યું છે કે ઉપલબ્ધ તમામ સ્પેક્ટ્રમ હરાજી માટે મૂકાયા હતા.

આ વર્ષે હરાજીમાં 900 મેગાહર્ટ્ઝ, 1800 મેગા હર્ટ્ઝ, 2100 મેગાહર્ટ્ઝ અને 2500 મેગાહર્ટ્ઝ બેંડમાં હરાજી કરાઈ હતી. ટેલિકોમ મંત્રી જ્યોતિરાદિત્ય સિંધિયાએ એક નિવેદનમાં કહ્યું કે સ્પેક્ટ્રમ હરાજી પારદર્શી અને મજબૂત સતત ફાળવણી પ્રક્રિયાનો ભાગ હતી.

# DELHI- ATISHI

દિલ્હીના જળ મંત્રી આતિષિને આજે લોક નાયક હૉસ્પિટલમાંથી રજા અપાઈ છે.  મંગળવારે ભૂખ હડતાળ દરમિયાન તેમની તબિયત લથડતા હૉસ્પિટલ ખસેડાયા હતા. તેઓ હરિયાણાથી વધુ પાણીની માગ સાથે 21 જૂનથી ઉપવાસ પર બેઠા હતા. હૉસ્પિટલ ખસેડાયાની સાથે તેમની હડતાળનો અંત આવ્યો હતો.

# ADVANI HOSPITALISE

ભારતીય જનતા પક્ષના વરિષ્ઠ નેતા લાલ કૃષ્ણ અડવાણીને દિલ્હીની એઇમ્સ હૉસ્પિટલમાં દાખલ કરાયા છે. વધતી ઉંમરને કારણે નાદુરસ્ત તબિયતને જોતા તેમને એઇમ્સમાં દાખલ કરાયા હોવાના

અહેવાલ છે. 96 વર્ષિય શ્રી અડવાણીને ડૉક્ટરોની દેખરેખ હેઠળ રખાયા છે. મળતા અહેવાલો અનુસાર હાલ તેમની તબિય તસ્થિર છે.

## REV:NAGALAND - VOTER TURNOUT

નાગાલેન્ડમાં, ગઈકાલે 20 વર્ષ બાદ ત્રણ નગરપાલિકા અને 21 શહેર પરિષદમાં યોજાયેલી શહેરી સ્થાનિક સંસ્થાઓની ચૂંટણીઓમાં અંદાજે 83.54 ટકા મતદાન નોંધાયું છે. 214 વૉર્ડ હેઠળ 420 મતદાન મથક પર મતદાન નોંધાયું હતું.

આ વખતે ચૂંટણીમાં 198 મહિલા ઉમેદવાર અને 325 પુરુષ ઉમેદવાર સહિત કુલ 523 ઉમેદવારો મેદાનમાં હતા. રાજ્ય ચૂંટણીપંચે જણાવ્યું કે, દીમાપુર મહાનગરપાલિકા પરિષદ હેઠળના એક મતદાન મથક સિવાય તમામ મતદાન મથક પર સરળ રીતે મતદાન પૂર્ણ થયું. હવે ગુરૂવારે મતગણતરી થશે..

## IMD-WEATHER

કેરળમાં આજે પણ ભારે વરસાદની સ્થિતિ યથાવત છે. અતિ વરસાદને કારણે રાજ્યના 2 જિલ્લાઓમાં ઓરેંજ અલર્ટ અને 7 જિલ્લાઓમાં યલો અલર્ટ જાહેર કરાઇ છે.

અમારા આકાશવણીના સંવાદદાતા જણાવે છે કે ગઇકાલે કેરળમાં આ વર્ષનો સૌથી વધુ વરસાદ નોંધાયો હતો. રાજ્યના પહાડી વિસ્તારમાં રાત્રિ પ્રવાસ, પર્યટન અને ખાણકામ પર પ્રતિબંધ લાદવામાં આવ્યો છે. વાયનાડ સહિત અન્ય જિલ્લાઓમાં શાળાઓમાં આજે રજા જાહેર કરાઇ છે તથા માછીમારોને દરિયામાં ન જવા માટે સૂચનકરવામાં

આવ્યું છે, તો બંગાળની ખાડીમાં ચક્રવાતી સ્થિતિને પગલે ઓડિશામાં આગામી 3 દિવસ સુધી ભારે વરસાદની આગાહી છે.

હવામાન વિભાગે આજે ગજપતિ, રાયગડા, કાલાહાંડી,સહિતના જિલ્લાઓમાં ભારેથી અતિ ભારે વરસાદની સંભાવના વ્યક્ત કરી છે. દરમ્યાન હવામાન વિભાગે જમ્મુ કાશ્મીર, લદાખ, ગિલગીટ, બાલટીસ્તાન, મુજજફરાબાદ, હિમાચલપ્રદેશ, પંજાબ, હરયાણા, ચંડીગઢ, દિલ્લી અને પશ્ચિમ રાજસ્થાનમાં આજે હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરી છે. ઉપરાંત આસામ, મેઘાલય, અંદામાન અને નિકોબાર ટાપુઓ, ઉપ હિમાલયન પશ્ચિમ બંગાળ અને સિક્કિમ તથા બિહારમાં આજે ભારે વરસાદની આગાહી છે. રવિવાર સુધી આ પ્રદેશોમાં હળવોથી મધ્યમ વરસાદ યથાવત રહવાની સંભાવના છે.

## T-20 CRICKET I.C.C.

T–20વિશ્વકપની ત્રિનિદાદ ખાતે રમાયેલી પહેલી સેમિ-ફાઈનલ મેચમાં દક્ષિણ આફ્રિકા અફઘાનિસ્તાનને નવ વિકેટે હરાવી ફાઈનલમાં પહોંચ્યું છે. પહેલા બેટિંગ કરતા અફઘાનિસ્તાનની ટીમ 11.5 ઑવરમાં માત્ર 56 રન બનાવી ઑલઆઉટ થઈ ગઈ હતી. ટીમમાંથી માત્ર અઝમતુલ્લાહ ઓમરઝાઈ એકમાત્ર ખેલાડીએ 10 રન બનાવ્યા. આ સિવાયના અન્ય એક પણ ખેલાડી 10 રન પણ ન બનાવી શક્યા. દક્ષિણ આફ્રિકાના તબરેઝ શામસી અને માર્કો જન્સેને ત્રણ-ત્રણ, કાગીસો રબાડા અને એનરીચ નોર્તજે બે-બે વિકેટ લીધી હતી. જવાબમાં દક્ષિણ આફ્રિકાના ક્વિન્ટોન ડી કોકે પાંચ રન, રીઝા હેન્ડ્રીક્સે અણનમ 29 અને એડન માર્કમે

અણનમ 23 રન બનાવી નવ વિકેટથી મેચ જીતી લીધી હતી. અફઘાનિસ્તાનના ફઝલહક ફારૂકીએ એક વિકેટ લીધી હતી.

સેમિફાઇનલની બીજી મેચમાં આજે ભારત અને ઇંગ્લેન્ડ વચ્ચે મુકાબલો થશે. આ ટુર્નામેન્ટમા ભારત અપરાજિત રહ્યું છે. ભારતીય સમય અનુસાર રાતે 8 વાગે મેચ શરૂ થશે. એક દાયકાથી વધારે સમયથી ભારતીય ટીમ મેચમાં નોકઆઉટનો શિકાર રહી છે, આ વખતે તેઓ આમાંથી બહાર નીકળવાનો પ્રયાસ કરશે.